## જન્મદિને વધામણી



**વલ્લભભાઈ એમ. પટેલ** (સરદાર)
ચેરમેન
કડી સર્વ વિશ્વવિદ્યાલય



**મીનાબેન બ્રહ્મભટ્ટ**



**સજનબા રહેવર**
લાયોનેસ કલબ



**નીના સિંગ**
લાયોનેસ કલબ



**ઋતુ મેહુલ પ્રજાપતિ**
મો. ૯૪૨૬૩૧૦૩૯૬

### ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે

# ‘તપોવન ગર્ભસંસ્કાર પ્રક્રિયા’ના પ્રશિક્ષણ કાર્યક્રમનો ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો




ગાંધીનગર, તા. ૫

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સંયુક્ત ઉપક્રમે તા. ૪ થી ૬ જાન્યુઆરી, ૨૦૧૮ દરિયાન ‘તપોવન ગર્ભસંસ્કાર પ્રક્રિયા’ વિષય પર પ્રશિક્ષણનું આયોજન થયું છે. જેમાં સમગ્ર રાજયમાંથી આવેલા ન્યુટ્રીશન આસીસ્ટન્સ અને આશાવર્કરબહેનો ત્રણ દિવસ ‘તપોવન ગર્ભસંસ્કાર પ્રક્રિયા’ વિષય પર પ્રશિક્ષણ લેશે. આ પ્રશિણ કાર્યક્રમનો ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો હતો.

કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતી પ્રો. ડૉ. કે. એલ. લાખિયા ઉપસ્થિત રહ્યા હતા. અતિથિ વિશેષ તરીકે ડૉ. જયંતિ રવિ (અગ્રસચિવ અને કમિશનર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજય) ઉપસ્થિત રહ્યા હતા. વિશેષ ઉપસ્થિતિમાં યુનિવર્સિટીના મહાનિયામક દિવ્યાંશુભાઈ દવે એન કુલસચિવ કમલામની રાવ હાજર રહ્યા હતા.

ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે ‘તપોવન ગર્ભસંસ્કાર માર્ગદર્શિકા’નું વિમોચન કરવામાં આવવ્યું હતું. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના તપોવન સંશોધન કેન્દ્રમાં સહભાગી બનેલી બે સગર્ભા બહેનોએ પોતાના અનુભવોનું કથન કર્યું હતું. કાર્યક્રમની આભારવિધિ ચિલ્ડ્રન્સ યુનિ.ના આસીસ્ટન્ટ પ્રોફેસર ડૉ. મીનલબા જાડેજાએ કાર્યક્રમનું સંચાલન અને સંકલન સેન્ટર ઑફ ટ્રેનિંગના આસીસ્ટન્ટ પ્રોફેસર ડૉ. નીલેશ પંડ્યાએ કર્યું હતું.

### ગાંધીનગર ટાઉનહૉલ ખાતે

# યુનાઈટેડ ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા આજે ચૅરિટી અર્થે નાટ્યોત્સવ

ગાંધીનગર,તા. ૫

ગાંધીનગરના સમગ્ર તબીબજગતના સહયોગથી બે સેવાભાવી સંસ્થાઓ દ્વારા વિવિધ સેવાકાર્યો અર્થે ભંડોળ એકઠું કરવાના હેતુસર નાટ્યોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

યુનાઈટેડ ચૅરિટેબલ ટ્રસ્ટ, જી ઈ ક્લબ અને ડૉ. હાર્દિક વી તલાટી દ્વારા આ નાટ્યોત્સવ આગામી તા. ૬ જાન્યુઆરી, ૨૦૧૮ ને શનિવારના રોજ રાત્રે ૯.૦૦ કલાકે ટાઉનહૉલ, ગાંધીનગર ખાતે આયોજિત કરવામાં આવ્યો છે. ઈન્ડિયન મૅડિકલ ઍસોસિએશન, ગાંધીનગર ડૅન્ટલ ઍસોસિએશન, ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ હોમિયોપેથીક મૅડિકલ પ્રૅક્ટિશનર ઍસોસિએશન, ગાંધીનગર આયુર્વેદિક મૅડિકલ પ્રૅક્ટિશનર્સ ઍસોસિએશન અને ગાંધીનગર ફિઝીયોથેરાપી પ્રૅક્ટિશનર ઍસોસિએશન આ ઉમદા સેવાકાર્યમાં સહભાગી થયા છે.




ટ્રસ્ટના ઉપપ્રમુખ ડૉ. હાર્દિક વી તલાટીએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે યુનાઈટેડ ચૅરીટેબલ ટ્રસ્ટ છેલ્લાં ચાર વર્ષથી સેવાભાવી નાગરિકોના સહકારથી વિવિધ સેવાકાર્યોનો અખંડ યજ્ઞ ચલાવી રહ્યું છે. આ અવિરત સેવાકાર્યો હેતુ ભંડોળ એકઠું કરવાના હેતુસર સંસ્થા દ્વારા પ્રથમવાર ‘નાટ્યોત્સવ’નું આયોજન કરવામાં આવ્યું છે. નાટ્યોત્સવ અંતર્ગત નગરના પ્રતિભાશાળી નાટ્યકાર કુંતલ નિમાવત નિર્મિત-લિખિત-દિગ્દર્શિત-અભિનિત બે નાટક ‘મને તરસ મૃગજળની’ અને ‘જાદુગર’ની પ્રસ્તુતિ કરવામાં આવશે. ટ્રસ્ટ દ્વારા પ્રથમ વખત યોજાતો આ નાટ્યોત્સવ અનેક રીતે વિશિષ્ટ છે, એમ જણાવતાં ડૉ. યજ્ઞેશ જણાવે છે કે શોની પહેલી વિશેષતા તો એ છે કે એના માધ્યમથી મળનારી તમામ રકમનો ઉપયોગ સેવાકાર્યો માટે કરવામાં આવશે, બીજી વિશેષતા એ છે કે આ નાટ્યોત્સવ માત્ર ગાંધીનગર શહેરના તબીબમિત્રો, તેમના પરિવારજનો અને આમંત્રિતો માટે આરક્ષિત રાખવામાં આવ્યો છે. અને આ નાટ્યોત્સવની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં યોજાનારાં કુંતલ નિમાવત સર્જિત બંને નાટકો ઍવોર્ડ વિજેતા નાટકો છે. ગાંધીનગરના નાટ્યજગતનું નામ રાજ્યભરમાં ગૂંજતું કરનારાં આ બંને નાટકો નિઃશંકપણે પ્રેક્ષકોનું મનોરંજન કરશે એવો વિશ્વાસ વ્યક્ત કરતાં તેમણે નગરના તમામ તબીબોને સપરિવાર આ નાટ્યોત્સવ માણવા માટે નિમંત્રણ પાઠવ્યું છે.

## આજે અજુંમ રજબઅલીનું વ્યાખ્યાન યોજાશે

ગાંધીનગર, તા. ૪

સરકારી વિનયન કૉલેજ મહાત્મા મંદિર પાસે સે-૧૫ ગાંધીનગર ખાતે રાજનીતિ, સત્યાગ્રહ, જેવી સફળ ફિલ્મો ઉપરાંત ચક્રવ્યુહ, ગુલામ, દ્રોહકાલ, લેજન્ડ ઑફ ભગતસિંહ, જેવી સફળ ફિલ્મોના લેખક, અંજુમ રજબઅલીનું વ્યાખ્યાન યોજવામાં આવેલ છે. આચાર્ય હિંમત ભાલોડિયા તરફથી સર્વેને આમંત્રણ આપવામાં આવે છે.





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા ખાતે વૃધ્ધ નિરાધારોને ૧૦૭ પૅકેટ ૩ કિગ્રા ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. કુલ પાંચ ગામનાં બહેનોને આ સેવાકાર્ય અંતર્ગત આવરી લેવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત ભાટાઈ ખાતે ૬ લાભાર્થીઓને પણ આ સેવાકાર્યનો લાભ આપવામાં આવ્યો હતો. શ્લોક ઘાટે, મિલિન્દ ગુપ્તે અને યોગેશ સંસ્થા વતી આ સેવાકાર્યમાં જોડાયા હતા.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# આર સી પટેલ સ્કૂલની છાત્રાઓ પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં જોડાઈ

## ગીર ફાઉન્ડેશનના સહયોગથી આયોજિત આ શિબિરમાં વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો

ગાંધીનગર, તા. ૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત અને ગાંધીનગરમાં કાર્યરત શ્રીમતી આર સી પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલની ૪૫ વિદ્યાર્થીની બહેનોએ નવા વર્ષના પ્રથમ ત્રણ દિવસ દરમિયાન ગાંધીનગરના પાલજ ખાતે સ્થિત અરણ્યોદ્યાનમાં આયોજિત પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં ભાગ લીધો હતો.

વિદ્યાર્થીઓ પ્રકૃતિને જાણતા થાય, મનુષ્ય સિવાય અન્ય જીવોનું સૃષ્ટિમાં રહેલું અસ્તિત્વ સમજતા થાય અને સાથે સાથે વિવિધ પ્રકારની વનસ્પતિ અને તેના ઉપયોગ વિશે માહિતગાર થાય તેવા શુભાશયથી ગીર ફાઉન્ડેશન, ગાંધીનગરના સહયોગથી આયોજિત આ શિબિરમાં શાળાની વિદ્યાર્થી બહેનોએ ભાગ લીધો હતો. પ્રકૃતિવિદ ઈર્શાદભાઈ અનો આલાપભાઈના માર્ગદર્શનમાં પ્રકૃતિ વિશેનું સુંદર શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. શાળાનાં શિક્ષક મેરાજબેન પઠાણ, વર્ષાબેન પટેલ અનો બીનલબોન પટેલ વિદ્યાર્થીનીઓ સાથે આ શિબિરમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

શિબિર દરમિયાન ગીર ફાઉન્ડેશનના ડિરેક્ટર દ્વારા વિદ્યાર્થીનીઓને પ્રકૃતિ વિશે સુંદર માહિતી આપવામાં આવી હતી. જે ડી પટેલ દ્વારા વિદ્યાર્થીનીઓને મેડિટેશન પણ કરાવાયું હતું. વિદ્યાર્થીનીઓને પ્રકૃતિ વિશેનું સુંદર જ્ઞાન આલાપ પંડિતે પીરસ્યું હતું.

સ્કૂલ કો-ઓર્ડિનેટર ડૉ. વીણાબેન પટેલ અને પ્રિન્સિપાલ વિનોદભાઈ પટેલે શિબિરમાં ઉપસ્થિત રહીને વિદ્યાર્થીનીઓને પ્રકૃતિનો વારસો તથા તેની જાળવણી અંગે માર્ગદર્શન આપ્યું હતું.

# સ્માર્ટ સિટીને લગતા ત્રણ નવા ઈ-કોર્સ જીટીયુ દ્વારા શરુ કરાયા

ગાંધીનગર, તા. ૫

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી(જીટીયુ) તરફથી સ્માર્ટ સિટીને લગતા ત્રણ નવા ઈ-કોર્સ શરૂ કરવામાં આવ્યા છે. જીટીયુ એકેડેમિક કાઉન્સિલની મંજૂરી બાદ રહેલા આ કોર્સમાં ૧૭ જાન્યુઆરી સુધી અરજી કરી શકાશે. જીટીયુ દ્વારા હાલમાં ઉપલબ્ધ સ્માર્ટ સિટીને લગતા ઈ-કોર્સમાં સ્માર્ટ સિટી પ્લાનિંગ અને ડેવલપમેન્ટ, પ્રોજેક્ટ મેનેજમેન્ટ, સૌર ઊર્જા એપ્લિકેશન, ગ્રીન બિલ્ડિંગ, કચરાના નિકાલની વ્યવસ્થા, સ્માર્ટ પરિવહન, સુરક્ષા, સલામતી અને આફત મેનેજમેન્ટ, સ્માર્ટ વિલેજનુ પ્લાનિંગ અને ડેવલપમેન્ટ, સ્માર્ટ ઈ-ગવર્નન્સ, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા, અવિરત સ્માર્ટ ભંડોળ વગેરે કોર્સનો સમાવેશ થાય છે, એવી માહિતી જીટીયુના પોસ્ટ ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ સ્માર્ટ સીટીઝના નિયામક પ્રો. રજનીકાંત પટેલે આપી હતી. તેમણે જણાવ્યું હતું કે દરેક કોર્સ છ મહિનાના રહેશે અને તે જાન્યુઆરી ૨૦૧૮થી શરૂ થશે.

# ઉત્સવ ટ્રસ્ટનો અફલાતૂન નાટ્ય મહોત્સવ







## હરિન ઠાકર લિખિત-દિગ્દર્શિત ત્રણ એકાંકી નાટકો પ્રેક્ષકોનાં હૈયે વસી ગયાં




knn786@gmail.com

‘નાટકના નામે મનોરંજનનું મધ ચાખવા આવેલા પ્રેક્ષકોએ મધમાખીના ડંખની તૈયારી પણ રાખવી પડશે...’

ખ્યાત નાટ્યકાર, લેખક, દિગ્દર્શક હરિન ઠાકર દ્વારા સ્ટેજ પરથી બોલાયેલા આ શબ્દો જાણે સત્તાવાહી હોય એમ તેમનો સ્વીકાર સૌએ કર્યો અને મધમાખીનો ડંખ ખાવાની તૈયારી ખુશી-ખુશી દર્શાવી પણ દીધી.

ઘટના છે અમદાવાદની. ઍચ કે કૉલેજ હૉલમાં હરિન ઠાકર-સપના ઠાકર સંચાલિત ઉત્સવ ચૅરિટેબલ ટ્રસ્ટના ઉપક્રમે ત્રણ એકાંકી નાટકોના શોનું આયોજન કરવામાં આવ્યું હતું. શોનો હેતુ પણ ચૅરિટી માટેનો જ હતો. સૌ પ્રેક્ષકો હોંશે-હોંશે ટિકીટ લઈને બેવડા હેતુથી નાટક જોવા આવ્યા હતા : મનોરંજનનું મનોરંજન અને સેવાકાર્યોમાં હાથ લંબાવ્યાનો આનંદ પણ ખરો !

પહેલાં બે નાટકોએ તો ભરપૂર આનંદ કરાવ્યો પરંતુ ત્રીજું નાટક શરૂ થાય એ પહેલાં ‘મધમાખીના ડંખ’નો અણસાર હરિન ઠાકરે આપી દીધો હતો. અને એ નાટક હતુંય ડંખ જેવું જ. નરોડા, અમદાવાદ ખાતે ૨૦૧૬માં ૭ વર્ષની બાળકી પર ૮ નરાધમોએ કરેલા પાશવી બળાત્કારની વાત લઈને આવેલું આ નાટક ‘નરાધમ’ પ્રેક્ષકોને છેક મૂળથી ઝંઝોડી ગયું હતું. એમાંય નાટકની શરૂઆતમાં ‘આ આપણા જ સમાજની ઘટના છે, આપણી જ દુનિયાની વાત છે અને જેને બંધબેસતી પાઘડી પહેરવી હોય એને પહેરવાની છૂટ છે’ એવા બિન્દાસ્ત શબ્દોમાં સમાજની સામે આયનો ધરવાની પ્રવૃત્તિ થઈ ત્યારે તો પ્રેક્ષકો આફરીન થઈ ગયા. થયું, આ હિંમત હરિન ઠાકર જ કરી શકે. અલબત્ત, અહીં નાટ્યકાર જેટલા હિંમતવાળા, ખુલ્લા ને સંવેદનશીલ હતા એટલા જ હિંમતવાળા, ખુલ્લા ને સંવેદનશીલ પ્રેક્ષકો પણ સાબિત થયા ને આ નાટકને પણ અગાઉનાં બે નાટકોની જેમ પ્રેક્ષકોએ સરાહ્યું. સૌથી વધુ સલામને પાત્ર તો એ બાળકી - જીયા ભટ્ટના માતાપિતા હતાં જેમણે આવા સંવેદનશીલ વિષયના નાટકમાં કામ કરવાની પોતાની બાળકીને ન માત્ર છૂટ આપી, પરંતુ તેઓ નાટકને માણવા માટે હૉલમાં ઉપસ્થિત પણ રહ્યાં હતાં. સામાન્ય રીતે આવા વિષયોનો જાહેરમાં ઉલ્લેખ કરવાથી પણ લોકો નાકનાં ટીચકાં ચડાવતા હોય છે, ત્યારે અહીં બિલકુલ વિપરીત પરિસ્થિતિ હતી. નાટ્યકાર, પ્રેક્ષકો અને અદાકાર - સૌ આ વિષયને છેડવા તૈયાર હતા ! આ ખેલદિલી અને આ જાગરૂકતાએ જ શોને અનન્ય ઊંચાઈ અર્પણ કરી એ વાત નિઃશંક છે.

ઘણીબધી રીતે યાદગાર રહ્યો આ શો. પહેલું નાટક હતું ‘શ્યામ તારું સપનું લીલુંછમ.’ નામ જેવું જ સુરીલું ને સુંદર આ નાટક. પડદો ખૂલતાં જ સુંદર રીતે શણગારેલું સ્ટેજ જોઈને મન મોહી ગયું. કૃષ્ણ સંગાથે રાધા અને મીરાને એક જ મંચ પર એકઠાં કરીને જે જુગલબંધી એમાં દર્શાવાઈ એ યુગો સુધી યાદ રહેશે. એમાંય મીરા કૃષ્ણને જે લાડ લડાવે છે એ જ સામે પક્ષે રાધા પણ લડાવે છે એ દશ્યએ તો પ્રેક્ષકોને તાળીઓ પાડવા માટે મજબૂર કરી દીધા. મીરા અને રાધા સામસામે આવે છે ને પોતાના માટે કૃષ્ણ શું છે એ પદ્યમાં દર્શાવે છે એ દશ્ય યાદગાર રહ્યું. ન માત્ર લેખકને પરંતુ બંને અદાકારાઓને પણ સલામ કરવાનું મન થાય એવું આ દશ્ય હતું. લેખક તરીકે હરિન ઠાકર અને અદાકારા તરીકે માધવી ઝવેરી અને વૈશાલી મહેતા ન માત્ર મેદાન મારી ગયાં પરંતુ હૈયાંમાંય વસી ગયાં. કૃષ્ણના પાત્રમાં કશ્યપ પાઠક પણ રૂપકડા લાગ્યા.

બીજું નાટક હતું બાળકોનું. બધાં જ પાત્રો માટે બાળકોએ અભિનય આપ્યો. નાટકનું નામ : શૂટીંગ શૂટીંગ. નિર્માતા પાસેથી નાણાં મેળવીને કલાકારો, દિગ્દર્શક કેવી રીતે નાણાં ને સમયનો વ્યય કરે છે એની હળવીફૂલ વાત એમાં વણી લેવામાં આવી હતી. દસ બાળકોએ એમાં જે ધમાચકડી મચાવી હતી અને પ્રેક્ષકોને મજાના રસમાં ગુલતાન કરી દીધા હતા એ ખરેખર પ્રશસ્તિને પાત્ર બાબત હતી.

સૌથી મોટી વાત તો એ કે બાળકોએ એમનું નાટક પૂર્ણ કર્યું પછી એમને ઝોળી લઈને ચૅરિટીની રકમ ઉઘરાવવા માટે પ્રેક્ષકો વચ્ચે મોકલવામાં આવ્યા. પ્રેક્ષકોએ ખૂલીને ચૅરિટી માટે નાણાં તો આપ્યાં જ પણ બાળકોને વહાલ પણ આપ્યું. આ માટે પણ એ બાળકોના વાલીઓને સલામ. સૌ બાળકો સંપન્ન ઘરનાં હતાં અને તેમની વય નાની હતી, તેમ છતાં તેમને બેધડક ચૅરિટીના નાણાં ઉઘરાવવા માટે પ્રેક્ષકો વચ્ચે હાથમાં ઝોળી લઈને ઊભા રાખવાની બાબતે વાલીઓની ભરપૂર સંસ્કારિતા અને સંવેદનશીલતાનાં સુભગ દર્શન કરાવી દીધાં હતાં.

શોના આરંભ ટાણે પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીનીઓ, વૃધ્ધાશ્રમનાં વડીલો અને અતિથિઓના હસ્તે દીપ પ્રાગટ્ય કરાયું હતું, અમદાવાદ નિવાસી સિનિયર નાટ્યકાર પ્રભાકર શુક્લ અને હરિન ઠાકરની ટીમમાંથી શરૂઆત કરીને અભિનય ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નામના પ્રાપ્ત કરનાર ગાંધીનગર રહેવાસી કલાકાર દેવ જોષી (બાલવીર)નું સ્મૃતિ ચિહ્નના માધ્યમથી સન્માન કરવામાં આવ્યું હતું અને સંસ્થા દ્વારા આ શો માટે પ્રકાશિત કરવામાં આવેલા સોવેનિયરનું વિમોચન પણ પ્રભાકર શુક્લના હસ્તે કરવામાં આવ્યું હતું. બધું મળીને ત્રણ નાટકોનો આ શો જોનારાઓ માટે યાદગાર અને નહીં જોનારાઓ માટે ‘ચૂકી જવાની ઘટના’ બની રહ્યો હતો.

અને હા, આમાં ગાંધીનગરે ગૌરવ લેવા જેવી વાત એ કે ગાંધીનગરના બે અદાકાર - દિશાન્ત સોની અને સાબિર મલેકે આ ત્રણ પૈકી બે નાટકોમાં પોતાનો અભિનય આપ્યો હતો !